# હિસાબ નિયામકશ્રીની કચેરી

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ - ૩૮૮૧૧૦ (ગુજરાત)

---

## પરિપત્ર

આથી તમામ યુનિટ સબયુનિટ અધિકારીશ્રીઓ તથા ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીઓને જણાવવાનુંકે, તા.૩૧/૧૦/૨૦૨૪ના રોજ દિવાળીનો તહેવાર આવતો હોઇ, આપશ્રીની કચેરી/ફાર્મ ખાતે ફરજ બજાવતા સ્કીલ્ડ/અનસ્કીલ્ડ તથા અન્ય દૈનિક રોજમદારો પોતાના પરિવાર સાથે આનંદથી દિવાળી તહેવાર ઉજવી શકે તે માટે દૈનિક રોજમદારોનું તા.૦૧/૧૦/૨૦૨૪ થી તા.૨૫/૧૦/૨૦૨૪ સુધીના સમયગાળાનું મસ્ટર બીલ બનાવી તા.૨૮/૧૦/૨૦૨૪ના રોજ ૧૧-૦૦ વાગ્યા સુધીમાં આ કચેરીએ ચૂકવણા માટે મળી જાય તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. તા.૨૬/૧૦/૨૦૨૪ થી ૩૧/૧૦/૨૦૨૪ના સમયગાળા દરમ્યાનનું બાકી રહેલ મસ્ટર બીલ હવે પછીના નવેમ્બર માસ દરમ્યાન મોકલવાનું રહેશે.

જે કચેરીમાં રીસર્ચ ફેલો/સીનીયર રીસર્ચ ફેલો/રીસર્ચ એસોસીએટ ફરજ બજાવતા હોય તેઓના પગાર બીલ પણ જે તે કચેરીના વડાએ પોતાની વિવેકબુધ્ધિ અનુસાર નિર્ણય લઇ તા. ૨૮/૧૦/૨૦૨૪ના રોજ ૧૧-૦૦ વાગ્યા સુધી મોકલી આપવાના રહેશે.

વધુમાં બાંધકામના બીલો/ડી.સી. બીલો/એ.સી. બીલો/અન્ય બીલો તા.૨૮/૧૦/૨૦૨૪ ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે. ઉપરોકત સમય મર્યાદા બાદ આવેલ બીલોનું ચૂકવણું દિવાળી પછી કરવામાં આવશે જેની ખાસ નોંધ લેશો.

સદર પરિપત્ર હિસાબ નિયામકશ્રીની મળેલ અનુમતિ આધારે જારી કરવામાં આવે છે.

હિસાબી અધિકારી(પીફ.એફ/પેન્શન)

જા.નં.આકૃયુ/હિનિ/ ૪૭૯૦ /૨૦૨૪
તા. ૧૭/૧૦/૨૦૨૪.

પ્રતિ,
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના તમામ યુનિટ/સબયુનિટ અધિકારીશ્રીઓ તથા ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઉપરોકત સમય મર્યાદામાં બીલો મોકલી આપવા ઘટતું થવા સારૂ.